| | |
|---|---|
| દાખલ તારીખ. | ૧૩/૦૨/૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૩/૦૨/૨૦૨૪ |
| ફેંસલ તારીખ. | ૧૬/૦૩/૨૦૨૬ |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ.<br>૦૨ – ૦૧ – ૦૩ |

**કડીના બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં,**

**મુ – કડી.**

ક્રીમીનલ કેસ નંબર. ► ૩૩૪/૨૦૨૪ આંક. ►

| ફરીયાદી. | | આરોપી. |
|---|---|---|
| શ્રી. સરકાર. | વિરૂધ્ધ | **ઝાલા કરણસિંહ ઉર્ફે પીન્ટુ ઉર્ફે કે.કે. કનુભા,**<br>રહે. કટોસણ, ધનપુરા, તા.જોટાણા, જી.મહેસાણા |

ગુન્હો. ⇨ પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ મુજબ

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી. | અછવા. |
| આરોપી પક્ષ... તરફે. | સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ. | |

◂◂ ઠ રા વ ▸▸

(૧) આ કામની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૩.૩૦ વાગ્યાના સુમારે પોતાના ડ્રાઈવીંગ હવાલા વાળી મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી નં.જી.જે.૧૮–એ.એમ.–૧૭૯૫ માં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો કુલ નંગ–૨૧૩ કિં.રૂ.૩૯,૦૬૦/– તથા બીયર નંગ–૧૪૦ કિં.રૂ.૧૬,૮૦૦/– તથા મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી કિં.રૂ.૨,૦૦,૦૦૦/– એમ મળી કુલ રૂ.૨,૫૫,૮૬૦/– ના મુદ્દામાલ પોતાના કબજા ભોગવટાવાળી ગાડીમાં રાખી અકસ્માત કરી ભાગી જઈ ગુનાહીત કૃત્ય કરેલાની ફરીયાદ ફરીયાદીએ કડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે કડી પોલીસે આરોપી સામે પ્રોહી.એકટની કલમ–૬૫એઇ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સારૂ તપાસ કરનાર અમલદારને સુપ્રત કરેલ જે બાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી લઇ આરોપીને અટક કરી મુદત અંદર કોર્ટમાં રજુ કરી આરોપી સામે પૂરતો પુરાવો હોઇ સદર ગુનાનુ ચાર્જસીટ રજુ થતાં સદર ચાર્જસીટ આખરી નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરતો હુકમ કરેલ જે આધારે હાલના ગુનાનુ કોગ્નીજન્સ લઇ આરોપી સામે પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કરેલ.

(૩) ઉપરોકત ગુનાની ફરિયાદના સંદર્ભમાં આ કામના આરોપીને અવાર–નવાર સમન્સ–વૉરંટ ઈસ્યુ કરવામાં આવેલા છે. જેની બજવણી આરોપીને આજદિન સુધી થઈ શકેલી નથી. તેમજ, નજીકના ભવિષ્યમાં પણ આરોપીની હાજરી નિયત થાય તેમ જણાઈ આવતું ના હોઈ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ આંક–૧ ઉપર કરવામાં આવેલો હોઈ સદર કામે આરોપી સામે તહોમતનામું ફરમાવેલ નથી કે કોઈ પ્લી રેકર્ડ કરવામાં આવેલી નથી અને આ કામની ઈન્સાફી કાર્યવાહી વૉરંટ ટ્રાયેબલ કેસ તરીકે આગળ ચલાવી ફરિયાદ પક્ષે રજૂ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈ કેસ આખરી નિર્ણય ઉપર લેવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩ | પંચ સાહેદ મકવાણા અમરતભાઈ પમાભાઈની જુબાની |
| ૨ | ૪ | પંચનામાની ખરી નકલ |
| ૩ | ૫ | પંચ સાહેદ મલેક મહંમદભાઈ જહાંગીરભાઈની જુબાની |



M.B.PUROHIT
2nd A.C.J.M., KADI.

| | | |
|---|---|---|
| ૪ | ૬ | ત.ક.અ.શ્રી અતુલકુમાર મુળજીભાઈ રાઠોડની જુબાની |
| ૫ | ૭ | ફરિયાદની ખરી નકલ |
| ૬ | ૮ | રવાનગી પત્રકની ખરી નકલ |

(૫) ફરીયાદ પક્ષ તરફે ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેતા પડેલ પુરાવો ખુલાસાચાલક ન હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયિક નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

*((**મુદા**))*

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૩.૩૦ વાગ્યાના સુમારે પોતાના ડ્રાઈવીંગ હવાલા વાળી મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી નં.જી.જે.૧૮–એ.એમ.–૧૭૯૫ માં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો કુલ નંગ–૨૧૩ કિં.રૂ.૩૯,૦૬૦/– તથા બીયર નંગ–૧૪૦ કિં.રૂ.૧૬,૮૦૦/– તથા મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી કિં.રૂ.૨,૦૦,૦૦૦/– એમ મળી કુલ રૂ.૨,૫૫,૮૬૦/– ના મુદ્દામાલ પોતાના કબજા ભોગવટાવાળી ગાડીમાં રાખી અકસ્માત કરી ભાગી જઈ પ્રોહી.એકટની કલમ–૬૫એઇ મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

(૨). આખરી હુકમ શું ?



M.B.PUROHIT
2nd A.C.J.M., KADI.

(૭) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સાથે નીચે મુજબ છે.

મુદ્દા નંબર (૧) નકારમાં.

મુદ્દા નંબર (૨) આખરી હુકમ મુજબ.

◀ કા ર ણો ▶

**મુદ્દા નંબર–૧ :–**

(૮) સદર કામે ફરીયાદપક્ષે આ કામના આરોપીએ તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૩.૩૦ વાગ્યાના સુમારે પોતાના ડ્રાઈવીંગ હવાલા વાળી મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી નં.જી.જે.૧૮–એ.એમ.–૧૭૯૫ માં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો કુલ નંગ–૨૧૩ કિં.રૂ.૩૯,૦૬૦/– તથા બીયર નંગ–૧૪૦ કિં.રૂ.૧૬,૮૦૦/– તથા મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી કિં.રૂ.૨,૦૦,૦૦૦/– એમ મળી કુલ રૂ.૨,૫૫,૮૬૦/– ના મુદ્દામાલ પોતાના કબજા ભોગવટાવાળી ગાડીમાં રાખી અકસ્માત કરી ભાગી જઈ ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે.

વધુમાં ફરીયાદપક્ષે એ મતલબનો પણ આક્ષેપ કરવામાં આવેલ છે કે કબજે કરેલ બોટલોમાં વિદેશી દારૂ તથા બીયર હતો, જે સંબધે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૩.૩૦ વાગ્યાના સુમારે પોતાના ડ્રાઈવીંગ હવાલા વાળી મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી નં.જી.જે.૧૮–એ.એમ.–૧૭૯૫ માં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો કુલ નંગ–૨૧૩ કિં.રૂ.૩૯,૦૬૦/– તથા બીયર નંગ–૧૪૦ કિં.રૂ.૧૬,૮૦૦/– તથા મારૂતી સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી કિં.રૂ.૨,૦૦,૦૦૦/– એમ મળી કુલ રૂ.૨,૫૫,૮૬૦/– ના મુદ્દામાલ પોતાના કબજા ભોગવટાવાળી ગાડીમાં રાખી અકસ્માત કરી ભાગી જઈ તથા પોલીસ સાહેદોએ

ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે અને તેઓ સરકારી કર્મચારીઓ છે, ખોટી ફરીયાદ કરવાનુ કે તપાસ કરવાનું કોઈ કારણ નથી. વધુમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો સીલબંધ હોઈ પ્રોહી.એકટની કલમ–૧૧૬(બી) મુજબ અનુમાન કરવાનુ રહે છે અને તે રીતે ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરેલ હોઈ આરોપીને કસુરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષે તરફે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં, આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ તેમની જુબાની દરમ્યાન તેઓએ કરેલ કામગીરીને અનુરૂપ જુબાનીઓ આપેલ છે. પરંતુ આ કામે સદરહું ગુનામાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વિદેશી દારૂ તથા બીયરની માલિકી કબજા અંગે કોઇ મૌખિક કે દસ્તાવેજી આધાર પુરાવા ફરીયાદપક્ષે રજુ કરેલ નથી તેમજ આ કામે જે ફરીયાદ પક્ષ દ્વારા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો જે સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડીમાંથી પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે તે ગાડીના માલીકીપણાનો કોઇ આધાર દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી તેમજ જે જગ્યાએ રેડ કરવામાં આવેલ છે તે જગ્યા જાહેર જગ્યા હોય અને ત્યાં ઘણા બધા માણસોની તથા વાહનોની અવર જવર રહેતી હોવા છતાં આ કામે ત.ક.અમલદાર દ્વારા કોઇ તટસ્થ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી કે હાલના કામે તેવા કોઇ સાહેદોનો મૌખિક પુરાવો રજુ થયેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ વિદેશી દારૂ તથા બીયર છે કેમ તેની એફ.એસ.એલ.માં કોઇ ચકાસણી કરાવી કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી, જેથી ફરીયાદ પક્ષ દ્વારા વિદેશી દારૂ તથા બીયર હોવા બાબતે સચોટ પુરાવો રજુ થયેલ નથી. તેમજ આ કામે મુદ્દામાલ જેમની રૂબરૂ કબજે કરેલ તેવા સ્વતંત્ર પંચ સાહેદ પણ આરોપીના કબજા ભોગવટાના સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડીમાંથી મુદ્દામાલ કબજે કરેલ હોય તે હકીકતને સમર્થન કરેલ નથી. જે રીતે ફરીયાદપક્ષનો કેસ છે,



M.B.PUROHIT
2nd A.C.J.M., KADI.

તે પ્રમાણે કાયદાકીય રીતે મુદ્દામાલ આરોપીના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં હોવાનું સાબિત થવું જોઇએ. એક વખત આરોપીનો કોઇપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થયા પછી ધી બોમ્બે પ્રોહી એક્ટની કલમ-૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય. પરંતુ દલીલો ખાતર પણ પંચનામું સાબિત થયેલું માની લઇએ તો પણ આ કામે સદરહું મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટાવાળા સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડીમાંથી મળેલ હોય તેવો કોઇ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે મુદ્દામાલ દારુ અંગે કોઇ વિશ્વસનીય પુરાવો ફરીયાદપક્ષે રજુ કરી શકેલ નથી. તેમજ ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં આ કામે જે સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડીમાંથી પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે તે ગાડીની માલીકી હાલના આરોપીની હોવા બાબતે કોઇ દસ્તાવેજી આધાર પુરાવા ફરીયાદ પક્ષ દ્વારા હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, સદર કામે ગુનાવાળી જગ્યાની આજુબાજુથી સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી શકે તેમ હોવા છતાં ફરીયાદ પક્ષ દ્વારા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ ન હોય કે હાલના કામે તેઓને તપાસવામાં આવેલ ન હોય, કબ્જે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયર છે કે કેમ? તે સાબિત કરવા કોઇ પૃથ્થકરણ રીપોર્ટ રજુ થયેલ ન હોય ત્યારે પોલીસ સાહેદોની જુબાની થકી હાલના આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

(૧૦) હાલના કેસમાં આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે અને ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીની સામેનો કેસ પુરવાર થઈ શકતો નથી અને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૩(૬) ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીની ગેરહાજરીમાં આ ચૂકાદો જાહેર કરવાનું ઉચિત જણાય છે. જેથી આરોપીની ગેરહાજરીમાં આ ચૂકાદો જાહેર કરવામાં આવેલ છે.



M.B.PUROHIT
2nd A.C.J.M., KADI.

(૧૧) આમ, ઉપરોક્ત આપેલ તારણો અનુસાર ફરીયાદ પક્ષના કેસ ઉપર વાજબી શંકા ઉપસ્થિત થતી હોય જેનો લાભ મેળવવા આરોપીપક્ષ હક્કદાર હોવાનું જણાય છે. જેથી આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવેડલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

....**હુ ક મ**....

o આ કામના આરોપી ઝાલા કરણસિંહ ઉર્ફે પીન્ટુ ઉર્ફે કે.કે. કનુભા, રહે. કટોસણ, ધનપુરા, તા.જોટાણા, જી.મહેસાણાવાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ હેઠળના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

o આ કામે મુદ્દામાલ વાહન સુઝુકી કંપનીની એસ.એક્સ.૪ ગાડી અંગે અગાઉ કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને હુકમ થયેલ ન હોય તો અપિલ સમય વિત્યે માલીકીપણાની ખરાઇ કરી મુદ્દામાલ માલીકને પરત કરવો અને જો મુદ્દામાલ પરત ન લઈ જાય તો અપિલ સમય વિત્યાના છ માસ બાદ મુદ્દામાલની હરાજી કરી ઉપજેલ નાણા સરકારશ્રીમાં જમા લેવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ, આ કામે મુદ્દામાલ વિદેશી દારૂ તથા બીયરનો અપિલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

o ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીએ આપેલ જામીન છ માસ સુધીના સમય માટે અમલમાં રહેશે.

હુકમ આજ રોજ તા.૧૬[મી], માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ– ૧૬–૦૩–૨૦૨૬ (મંથનકુમાર ભાલચંદ્ર પુરોહિત)
સ્થળ – કડી બીજા એડી.ચીફ જ્યુડી.મેજી., કડી,
(જીજે૦૧૪૧૧)